# 8

# આપણે ગુજરાતી

મિતાલી, ધ્રુવ અને તેના મિત્રો વાતચીત કરી રહ્યાં હતાં. મિતાલીએ પાસે બેઠેલા દાદાને એક પ્રશ્ન કર્યો- દાદા, તમે ધોતી ઝભ્ભો પહેરો છો, પણ પપ્પા તો પેન્ટ-શર્ટ અને ટી-શર્ટ પહેરે છે. એવું કેમ ?

દાદાએ જવાબ આપ્યો. આપણા ગામમાં જેમ રંગ, દેખાવ, પોશાક, આહારમાં વિવિધતા જોવા મળે છે તેમ આપણા ગુજરાતમાં પણ આવી ઘણી વિવિધતાઓ જોવા મળે છે. ગુજરાતમાં પ્રદેશવાર લોકોની બોલી, ખોરાક, પોશાક, રહેઠાણ, તહેવાર, ઉત્સવો, રીત-રિવાજમાં વિવિધતા જોવા મળે છે. ભૌગોલિક, સામાજિક, ધાર્મિક અને વ્યાવસાયિક વિવિધતાને કારણે ગુજરાતના લોકજીવનમાં વિવિધતા જોવા મળે છે. અહીં હિન્દુ, ઈસ્લામ, બૌદ્ધ, જૈન, જરથોસ્તી, ખ્રિસ્તી વગેરે ધર્મનું પાલન કરનારા લોકો સંપીને રહે છે.

ગુજરાતીઓ વર્ષોથી વિશ્વમાં વેપારી પ્રજા તરીકે જાણીતા છે. આજે ગુર્જરવાસી તરીકે ઓળખાતા આ ગુજરાતીઓ સ્વભાવે નમ્ર, ખંતીલા અને મહેનતુ છે. તેઓમાં પારાવાર સાહસવૃત્તિ ભરેલી છે. ભારતનાં વિવિધ રાજ્યો અને વિશ્વના ઘણા દેશોમાં તેઓ વેપાર અને રોજગાર માટે જઈ વસ્યા છે.

### (1) ખોરાક :

ગુજરાતના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલાં શાકભાજી, ફળફળાદિ, ઘી-દૂધ, માખણ, છાશ વગેરેનો ઉપયોગ કરે છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં બાજરાનો રોટલો અને વિવિધ શાકભાજી મોટા પ્રમાણમાં ખવાય છે. આજે કાઠિયાવાડી ખાણું ખૂબ જ જાણીતું બન્યું છે. સુરતનું ઊંધિયું અને ઘારી જાણીતી છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં મકાઈ, જુવાર અને ચોખા ખોરાક તરીકે વધુ ઉપયોગમાં લેવાય છે. દરિયાકિનારે વસતા લોકો માછલીનો અને ભાતનો ખોરાકમાં ઉપયોગ કરે છે. આજે સમગ્ર ભારતમાં ગુજરાતી ભોજન 'ગુજરાતી થાળી' તરીકે પ્રસિદ્ધ બન્યું છે.



8.1 ગુજરાતી થાળી

**વિચારો**

તમારા વિસ્તારમાં શું વધારે ખવાય છે અને શું ઓછું ખવાય છે? કેમ ?

## (2) પોશાક :

ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો કે પહેરણ અને માથે પાઘડી બાંધે છે. ખભે ખેસ નાખે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. સૌરાષ્ટ્ર, કચ્છનાં ગામડાંનાં પુરુષો નાડાવાળો ચોરણો, પહેરણ કે અંગરખું અને માથે ફાળિયું કે પાઘડી પહેરે છે, જ્યારે સ્ત્રીઓ મોટા ઘેરવાળો ઘાઘરો અને કબજો પહેરે છે. માથે ઓઢણી ઓઢે છે. ગુજરાતના પૂર્વવિસ્તારના વનવાસીઓમાં પુરુષો લંગોટી કે લુંગીની જેમ કાપડ વીંટાળે છે. માથે પાઘડી પહેરે છે. ખભે તીર કામઠું હોય છે. સ્ત્રીઓ કાછડો ભીડતી જોવા મળે છે. આજે બદલાતા માહોલથી ગુજરાતમાં ઘણા લોકોએ આધુનિક પોશાક અપનાવ્યો છે. પુરુષો પેન્ટ, શર્ટ, ટી-શર્ટ પહેરે છે. પગમાં સ્પોર્ટશૂઝ અને પાર્ટીશૂઝ પહેરે છે. સ્ત્રીઓ પણ પેન્ટ, શર્ટ, ટી-શર્ટ પહેરેલી જોવા મળે છે.



8.2 સૌરાષ્ટ્રનો પોશાક



8.3 કચ્છનાં સ્ત્રી-પુરુષો



8.4 વનવાસી સ્ત્રી-પુરુષો

**વિચારો**

આજના પોશાકમાં પહેલાંના કરતાં વધુ તફાવત જોવા મળે છે. આવું શાથી બન્યું છે ?

## (3) રહેઠાણ :

ગુજરાતમાં ઈંટ-સિમેન્ટનાં પાકાં મકાનો, માટી અને છાણથી લીપેલાં, વાંસ કે લાકડાંમાંથી બનાવેલાં મકાનો જોવા મળે છે. મકાનોમાં વિવિધતા જોવા મળે છે. ડુંગર વિસ્તાર કે જંગલ વિસ્તારમાં મકાનો છૂટાછવાયાં હોય છે. તે ખાસ કરીને વાંસ કે લાકડાંમાંથી બનાવેલાં હોય છે. કચ્છ વિસ્તારમાં ભૂંગો આજે પણ અલગ તરી આવે છે. આજે ગામડાં અને શહેરોમાં સિમેન્ટના પાકાં મકાનો જોવા મળે છે. શહેરોમાં ઘણા બહુમાળી મકાનો જોવા મળે છે. શહેરોમાં પ્લાસ્ટિકથી બનાવેલાં તંબુ આકારનાં ઝૂંપડાં પણ જોવા મળે છે.



8.5 કચ્છનો ભૂંગો



8.6 ગ્રામ્ય વિસ્તારના મકાન



8.7 બહુમાળી મકાન



8.8 પાકું મકાન

**વિચારો**

ડુંગર વિસ્તારમાં મકાનો છૂટાછવાયાં કેમ હોય છે ?

### (4) ભાષા-બોલી :

ગુજરાતમાં પ્રદેશવાર, જાતિવાર વિવિધ ભાષાઓ અને બોલીઓ બોલાય છે. ગુજરાતમાં ઘણી બધી જાતિના લોકો વસે છે, જેથી વિભિન્ન બોલીઓ બોલાતી જાણવા મળે છે. ગુજરાતમાં મુખ્યત્વે ગુજરાતી ભાષા બોલાય છે. તે સિવાય હિન્દી, મરાઠી, અંગ્રેજી ભાષા પણ બોલાય છે. ગુજરાતમાં પ્રદેશ પ્રમાણે ઘણી બધી બોલીઓ બોલાય છે. જેમાં ઉત્તર ગુજરાતમાં તળપદી બોલી બોલાય છે. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડી બોલી, દક્ષિણ ગુજરાતમાં સુરતી બોલી, મધ્ય ગુજરાતમાં ચરોતરી બોલી તથા કચ્છના લોકો કચ્છી બોલી બોલે છે. ગુજરાતના આદિવાસીઓ જાતિ પ્રમાણે અલગ-અલગ બોલી બોલે છે. જેમકે રાઠવી બોલી, વસાવી બોલી, ભીલ બોલી અને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાની સરહદના જિલ્લાઓમાં મરાઠી, હિન્દી, મારવાડી જેવી ભાષાઓ બોલાતી જોવા મળે છે.

### (5) ઉત્સવો- તહેવારો - મેળાઓ :

ગુજરાતમાં વિવિધ તહેવારો, ઉત્સવો ઊજવવામાં આવે છે. પ્રદેશ અને જાતિ અનુસાર ગુજરાતમાં ઘણા ઉત્સવો - તહેવારો ઊજવવામાં આવે છે. નવરાત્રિ, હોળી, ધૂળેટી, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, રક્ષાબંધન, દિવાળી, શિવરાત્રિ, પર્યુષણ, ગુરુનાનક જયંતી, રમઝાન ઈદ, બકરી ઈદ, મહોર્રમ, ઈદ-એ-મિલાદ, પતેતી, નાતાલ જેવા તહેવારો અને ઉત્સવો ધામધૂમથી ઊજવવામાં આવે છે. ગુજરાતમાં તહેવારોની શરૂઆત અખાત્રીજથી થાય છે. ગૌરીવ્રત જેવા તહેવારોનું ઘણું મહત્ત્વ છે. રમઝાન માસમાં પણ ઉત્સવ જેવો માહોલ હોય છે. આજે નાતાલનો તહેવાર સર્વ ધર્મના ભાઈઓ સાથે મળીને ઊજવે છે.

ગુજરાતમાં ઉત્તરાયણ ખૂબ જ ઊલ્લાસથી ઊજવવામાં આવે છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારથી લઈ શહેરોમાં ઉત્તરાયણ ખૂબ જ ઉલ્લાસથી ઊજવાય છે. મોટા શહેરોમાં લોકો સવારથી જ પતંગ ચગાવવા અગાશીઓ પર ચઢી જાય છે. આખું વાતાવરણ જાણે પતંગમય બની જાય છે. આ ઉત્સવમાં સામેલ થવા દેશ-વિદેશથી લોકો આવે છે. બીજો નવરાત્રિ મહોત્સવ પણ ગુજરાતમાં ખૂબ જ ઊલ્લાસથી ઊજવવામાં આવે છે. નવરાત્રિમાં ગામ અને શહેર ગરબામય બની જાય છે. નવરાત્રિ ઉત્સવની ઉજવણી માટે ગુજરાત વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.



8.9 નવરાત્રિ



8.10 ઉત્તરાયણ



8.11 ઈદ



8.12 દિવાળી

ગુજરાતમાં મેળાઓનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ખૂબ જ છે. અહીં વૌઠાનો મેળો, તરણેતરનો મેળો, શૂલપાણેશ્વરનો મેળો, શામળાજીનો કાર્તિકી પૂનમનો મેળો, ભવનાથનો શિવરાત્રિનો મેળો, માણેકઠારી પૂનમનો મેળો, અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો, કોળિયાકમાં નિષ્કલંક મહાદેવનો મેળો, મોઢેરાનો મેળો, હાજીપીરનો મેળો વગેરે મેળાઓ ભરાય છે. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ચોક્કસ દિવસોએ મેળા ભરાય છે, જે દર અઠવાડિયે ભરાય છે, જેને 'હાટ' કહેવામાં આવે છે. જેમાં ક્વાંટ હાટ, છોટાઉદેપુર હાટ, પાનવડ હાટ જેવા હાટ પ્રખ્યાત છે. અહીં આદિવાસી સંસ્કૃતિનાં દર્શન થાય છે. તેવી જ રીતે અમદાવાદની રવિવારીય ગુજરી અને ઉર્સના મેળાઓમાં ગુજરાતના લોકજીવનની ઝાંખી જોવા મળે છે. ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે.

**વિચારો**

તમારા વિસ્તારનો પ્રચલિત મેળો કયો છે ? તે શા માટે ભરાય છે ?

ગુજરાતમાં પ્રદેશવાર અને ધર્મ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. વિવિધતામાં એકતા એ પણ ગુજરાતીઓનું એક આગવું લક્ષણ છે. ગુજરાતમાં વિવિધ ધર્મ, જાતિના લોકો પરસ્પર સંપીને રહે છે. દરેક ધર્મ, જાતિના તહેવારો, ઉત્સવો સાથે મળીને ઊજવે છે. ગુજરાતમાં પ્રદેશ અને ધર્મ અનુસાર વિવિધ રીત-રિવાજો જોવા મળે છે. ગુજરાતનાં શહેરો આજે આવા રીત-રિવાજનાં મુખ્ય કેન્દ્રો બન્યાં છે, જ્યાં દરેક પ્રદેશ, ધર્મના લોકો સાથે હોવાથી આવા રીત-રિવાજ વધુ જોવા મળે છે.

લોકનૃત્યો એ આપણા ગુજરાતની આગવી ઓળખ છે. એ આપણો આગવો સાંસ્કૃતિક વારસો છે. ગુજરાતની ભવાઈ, ગરબા, અને રાસ દુનિયાભરમાં જાણીતાં છે. આ ઉપરાંત ભરવાડનાં રાસનૃત્યો, હૂડો આગવી ઓળખ ધરાવે છે. લોકનૃત્યો આદિવાસી સંસ્કૃતિમાં ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જેમાં ઘેરનૃત્ય, હોળીનૃત્ય, ટીમલીનૃત્ય અને લગ્નપ્રસંગનાં વિવિધ આદિવાસી નૃત્યો જોવા મળે છે.



**8.13 આદિવાસી નૃત્ય**



**8.14 રાસ-ગરબા**

આજે ગુજરાતી સમાજે પશ્ચિમી દેશોના સમાજની ઘણી નવીન ટેક્નોલૉજી અને આધુનિકતા અપનાવી છે, છતાં ગુજરાતનું લોકજીવન ઘણું ભાતીગળ છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. તમારા ગામમાં કઈ-કઈ વિવિધતાઓ છે, તેની યાદી તૈયાર કરો.
2. તમે મધ્યાહ્નભોજન સમયે શું-શું ખાઓ છો ? તે તમને કેવું લાગે છે ?
3. તમને કેવા કપડાં પહેરવા ગમે છે ? કેમ ?
4. તમને કયો તહેવાર ગમે છે ? શાથી ?
5. ગુજરાતમાં કયાં-કયાં નૃત્યો પ્રસિદ્ધ છે ?

**2.** ગુજરાતમાં બોલાતી વિવિધ બોલીઓનો સંગ્રહ બનાવો. ગુજરાતમાં કેટલી બોલીઓ બોલાય છે ?

**3.** રાષ્ટ્રીય તહેવારની ઉજવણી વિશે અહેવાલ તૈયાર કરો.

**4.** ‘આપણું ગુજરાત’ વિશે એક વાક્ય લખી તમારા મિત્રને S.M.S. કરો.

**5.** વિવિધ ધર્મના તહેવારોની યાદી તૈયાર કરો.

●